# ફક્ત વડોદરા શહેર વિસ્તારની શાળાઓ માટે

નં. નાનિ/અજાક/૨૦૨૦-૨૧/ ૩૯૨૭
નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી,
સી - બ્લોક, બીજો માળ, નર્મદાભુવન, વડોદરા.
(ફોન નં. - ૨૪૩૫૬૨૧.)
તા.૨૪/૧૧/૨૦૨૦.

પ્રતિ,

**આચાર્યશ્રી,** ........................................................................
........................................................................
........................................................................

**વિષયઃ ધો. ૧૦ માં વર્ષઃ ૨૦૨૦-૨૧ દરમ્યાન અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને જાતિ દાખલા આપવા બાબત.**

જયભારત સહ ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે સરકારશ્રીનાં સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગરનાં ઠરાવ ક્રમાંક અજપ/૧૦૨૦૧૦/૩૬૩૪૪૬/હ, તા. ૨/૮/૨૦૧૦ની જોગવાઇ અનુસંધાને **ધો. ૧૦** પરિણામની સાથોસાથ તમામ વિદ્યાર્થીઓને જાતિ પ્રમાણપત્ર મળી રહે તેવા ઉદ્દેશથી સંબંધિત શાળાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની અરજીઓ વિદ્યાર્થીઓ પાસે તૈયાર કરાવી, જરૂરી આધાર પુરાવાઓ મેળવી, એકત્રીત કરી અત્રેની કચેરીને **ફક્ત સોમવાર અથવા ગુરૂવારનાં રોજ ૧૧.૦૦ કલાક થી ૧૬.૩૦ કલાકનાં સમયગાળા દરમ્યાન** મોડામાં મોડા તા. ૦૭/૦૧/૨૦૨૧ સુધી મળી જાય તેવી કાર્યવાહી કરવાની રહેશે.

**જાતિ દાખલો એક અગત્યનો ડોકયુમેન્ટ છે, દરખાસ્ત તૈયાર કરતા તથા વિદ્યાર્થીઓ પાસે ફોર્મ તૈયાર કરાવતા સમયે નીચે મુજબની સુચનાઓનું પાલન કરવાનું રહેશે.**

૧. **જાતિ દાખલાનાં ફોર્મસ :**
અત્રેની કચેરી ખાતે માંગણીપત્ર રજુ કરેથી શાળાનાં કર્મચારીને જરૂરીયાત મુજબ આપવામાં આવશે અથવા તો સદરહુ પરિપત્ર સાથે સામેલ ફોર્મની પ્રીન્ટ કાઢી તેની ઉપર શાળાનાં રાઉન્ડ સીલ લગાવવાનો રહેશે.

૨. **દરખાસ્ત મોકલવાની પધ્ધતિ :**

- **આ પરિપત્ર સાથે સામેલ ચેક લીસ્ટને આપના દ્વારા રજુ થનાર ફાઇલ ઉપર ચોટાડી તેમાં જે-તે વિગતો ભરી આચાર્યશ્રીએ ચકાસણી કરી સહી-સીકકા કરવાના રહેશે.**
- સદરહુ પરિપત્ર સાથે **પત્રક - ૧** સામેલ છે, જેમાં જાતિ દાખલા મળવા અંગેની આપે રજુ કરેલ અરજીઓની વિગત દર્શાવવાની રહેશે;
- જયારે **પત્રક - ૨** માં ધો. ૧૦ માં અભ્યાસ કરતા હોય અને જેઓનો સમાવેશ અનુસૂચિત જાતિમાં થતો હોય, પરંતુ જે વિદ્યાર્થીઓને અગાઉ જાતિ પ્રમાણપત્ર મળેલ હોય તેઓને ફરીથી જાતિ પ્રમાણપત્ર આપવાનું રહેતું ન હોય તથા **અન્ય કોઇ પણ કારણોસર જે કોઇ વિદ્યાર્થીની દરખાસ્ત કરેલ ન હોય, તેવા વિદ્યાર્થીઓની વિગત દર્શાવવાની રહેશે,** તથા જે-તે વિદ્યાર્થીઓનાં નામ સામે જે-તે બાબતની જરૂરી નોંધ રીમાર્કસનાં કોલમમાં કરવી.
- આપની શાળા મારફત ધો. ૧૦ નાં એકસટર્નલ વિદ્યાર્થી તરીકે પરિક્ષા આપનારને પણ જાતિ દાખલો આપનાં દ્વારા આપવાનો હોય, તેઓનો સમાવેશ પણ ઉકત **પત્રક -૧ તથા પત્રક -૨ માં** કરવાનો રહેશે.
- **પત્રક -૧ તથા પત્રક -૨ માં સમાવિષ્ટ ન હોય તેવા કોઇ પણ વિદ્યાર્થીઓની દરખાસ્ત આપના દ્વારા કે વિદ્યાર્થી દ્વારા જો પાછળથી મળશે, કે તે અંગે કોઇ પ્રશ્ન ઉપસ્થિત થશે તો આપની જવાબદારી નકકી કરવામાં આવશે.**
- **તા. ૧૮/૦૧/૨૦૨૧ બાદ અત્રે રજુ કરવામાં આવે તેવી તમામ દરખાસ્ત વિદ્યાર્થી, વાલી તથા આચાર્યશ્રીનાં જરૂરી ખુલાશા સામેલ રાખવા.**

## ૩. દરખાસ્ત તૈયાર કરવાની પધ્ધતિ :

- અરજીફોર્મનાં પાન નંબર - ૩ ઉપર **''જાતિ પ્રમાણપત્ર મેળવવા રજુ કરવાનાં થતા પુરાવા''** શિર્ષક હેઠળ સ્પષ્ટ સુચનાઓ આપેલ છે.
- **વિદ્યાર્થીઓ તરફથી મળેલ અધુરુ ફોર્મ અત્રેની કચેરીને મોકલવાનું નથી,** આવા વિદ્યાર્થીઓની વિગત પત્રક - ૨ માં દર્શાવવાની રહેશે, તથા અરજીફોર્મ તમામ સાધનીક કાગળો સહિત પરિપૂર્ણ થયા બાદ ફોરવર્ડીંગ લેટર સાથે દરખાસ્ત શાળા મારફત મોકલી આપવાની રહેશે, તથા **વિદ્યાર્થીઓ / વાલીઓ મારફત કોઇ પણ દરખાસ્ત અત્રે મોકલવી નહી.**
- **સરકારશ્રીનાં સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગુ.રા. ગાંધીનગરનાં ઠરાવ ક્રમાંક : અજપ/૧૦૨૦૧૨/ ૪૦૦૧૧૮/હ, તા. ૫/૧/૨૦૧૩ અનુસાર અરજદારનાં પિતાનું શાળા છોડયાનું પ્રમાણપત્ર ફરજીયાત છે, સિવાય કે પિતા અભણ હોય;**
  **પિતાનાં શાળા છોડયાનાં પ્રમાણપત્ર સિવાયનું અરજીપત્ર આપને મળે કે પિતા અભણ છે તેવી રજુઆત આપને વિદ્યાર્થી પાસેથી મળે તો તેવા કિસ્સામાં આપની શાળાએ રાખવામાં આવતા વિદ્યાર્થીનાં પિતા-માતાની ધંધો-નોકરી, અભ્યાસ વગેરેનાં રેકોર્ડ કે વિદ્યાર્થીનાં શાળા પ્રવેશ સમયે રજુ કરેલ અરજીમાં દર્શાવેલ વિગતોને આધારે પિતા અભણ હોવા અંગેની ખરાઇ કરી તે મતલબનું પ્રમાણપત્ર સામેલ રાખવાનું રહેશે.**
- વિદ્યાર્થીઓને શાળા મારફત આપવામાં આવતાં દાખલાઓ શાળા છોડયાનાં પ્રમાણપત્રનાં બદલે બોનાફાઇડ સર્ટીફીકેટનાં આધારે આપવામાં આવે છે, આવા ખુબજ અગત્યનાં દસ્તાવેજ સાથે ચેડા ન થઇ શકે તે માટે શાળા છોડયાનાં પ્રમાણપત્રોની જેમ જ બોનાફાઇડ સર્ટીફીકેટની પાછળ બંને તરફનાં કાર્બનનો ઉપયોગ કરવો તથા તેની ઓફિસ કોપી આપે રાખવી.
- અગાઉનાં વર્ષોમાં કેટલીક શાળાઓ મારફત આપવામાં આવેલ બોનાફાઇડ સર્ટીફીકેટ ખુબ જ નાની સાઇઝ (A/4 સાઇઝનાં એક પેપરમાં ચાર બોનાફાઇડ સર્ટીફીકેટ) નાં હતાં, કેટલીક શાળાઓનાં બોનાફાઇડ જાહેર ખબર (લીફ લેટ) માટે વપરાતા અત્યંત પાતળા ખરાબ કવોલીટીનાં પેપરમાં હતાં, ચાલુ વર્ષે આવા અત્યંત નાના તેમજ ખરાબ કવોલીટીનાં પેપર ઉપર તૈયાર કરેલ બોનાફાઇડ ચલાવવામાં આવશે નહી.
- વિદ્યાર્થીઓનાં ફોટાને આચાર્યશ્રીએ પ્રમાણિત કરેલ હોય, અરજી ફોર્મનાં પાન નં - ૩ ઉપર આપેલ સુચના મુજબનું ફોટો આઇડેન્ટીટી પ્રુફ અલગ થી રજુ કરવાનું કે વિદ્યાર્થીઓએ રૂબરૂ કચેરીમાં આવવાનું રહેતું નથી.
- **અરજીફોર્મમાં સામેલ તમામ ઝેરોક્ષ નકલો શાળાનાં આચાર્યશ્રીએ પ્રમાણીત કરેલ રજુ કરવાની છે.**
- **અરજીફોર્મમાં સામેલ તમામ ઝેરોક્ષ નકલો સારી કંડીશનમાં મેળવી રજુ કરવી, જર્જરીત નકલો સામેલ ન રાખવી.**
- અરજી ફોર્મમાં ઓરીજનલ શાળા છોડયાનાં પ્રમાણપત્રો રજુ કરવા અંગે જણાવેલ હોવા ઉપરાંત શાળા મારફત પ્રમાણપત્ર મેળવવાનું હોય **કોઇ ખાસ કિસ્સામાં અત્રેથી અસલ રજુ કરવા સુચના અપાયેલ હોય તે સિવાય** અત્રેની કચેરીને દરખાસ્ત રજુ કરવામાં આવે તે સમયે, અરજીની સાથે ફોર્મમા બોનાફાઇડ સર્ટીફીકેટ સિવાય અન્ય કોઇ દાખલો / પુરાવો **અસલ** રજુ કરવાનો નથી.
- આ પત્ર સાથે અનુસુચિત જાતિમાં સમાવિષ્ટ પેટા જાતિઓની યાદિ સામેલ રાખી મોકલી આપેલ છે, જે મુજબ વિદ્યાર્થી તથા તેનાં પિતા / કાકા / ફોઇ કે દાદાની પેટાજાતિ એક જ સમુહમાં આવતી હોવી જરૂરી છે, જો તે અલગ અલગ **(દા.ત. મેધવાળ-રોહિત, હરિજન-વણકર વગેરે)** હોય તો તેવા કિસ્સાઓમાં પિતા ઉપરાંત તેઓનાં કાકા / ફોઇ કે દાદા પૈકી ઓછામાં ઓછા બે વ્યકિતઓનાં શાળા છોડયાનાં પ્રમાણપત્રો રજુ કરવા તથા અરજદાર વિદ્યાર્થી તથા જેનાં શાળા છોડયાનું પ્રમાણપત્રો રજુ કરેલ છે, તે સંબંધિઓ વચ્ચે સંબંધ સ્થાપિત કરતો કોઇ સરકારી દસ્તાવેજ અથવા તો પેઢીનામુ રજુ કરવું, તથા અસલ સોગંદનામુ સામેલ રાખવુ.

## ૪. રહેઠાણનો પુરાવો :

- રહેઠાણનાં પુરાવા તરીકે રેશનકાર્ડ ફરજીયાત છે, આમ છતા અરજદાર રેશનકાર્ડ ધરાવતા ન હોય તાજેતરનું લાઇટબીલ સામેલ રાખી શકાશે.
- રહેઠાણનાં પુરાવાનું સરનામુ અને અરજીફોર્મ ઉપર દર્શાવેલ સરનામુ એક હોવુ જરૂરી છે.
- વિદ્યાર્થીઓ દ્વારા રજુ થયેલ આ પુરાવો તેનાં પિતા / વાલીનાં નામનો હોવો જરૂરી છે, મકાન ભાડે હોય તેવા કિસ્સાઓમાં ભાડા કરાર સામેલ રાખવો.

- **અરજદાર પાસે રહેઠાણનો કોઇ પુરાવો કે ભાડા કરાર ન હોય તો તેવા કિસ્સાઓમાં શાળા રેકર્ડ ઉપર ચાલતા વિદ્યાર્થીનાં સરનામા આધારે આચાર્યશ્રીએ શાળાનાં લેટરપેડ ઉપર આપેલ સરનામુ દર્શાવતુ પ્રમાણપત્ર પણ ગ્રાહય રાખવામાં આવશે.**

૫. **અરજીફોર્મની ગોઠવણી :**

- અરજીફોર્મમાં એક ફોટો ગુંદર વડે ચોંટાડવાનો છે, **જેને આચાર્યશ્રીએ પ્રમાણિત** કરવાનો છે, જયારે બીજા ફોટાને ટાંકણી મારવાની છે.
- **કોઇ પણ અરજીમાં સાધનીક કાગળો નીચે મુજબનાં અનુક્રમ મુજબ ગોઠવવા અને તેને સ્ટેપ્લર પીન લગાવવી.**
  ૧. અરજીફોર્મ
  ૨. અરજદારનું શાળાએ આપેલ બોનાફાઇડ સર્ટીફીકેટ
  ૩. અરજદારનાં પિતા / દાદા / કાકા / ફોઇનું શાળા છોડયાનું પ્રમાણપત્ર
  ૪. અરજદારનાં પિતા / દાદા / કાકા / ફોઇનું જાતિ પ્રમાણપત્ર (જો સામેલ રાખેલ હોય તો)
  ૫. રહેઠાણનો પુરાવો
  ૬. પેઢીનામુ તથા અન્ય રજુ કરેલ પુરાવાઓ

૬. **નીલ રીપોર્ટ :**

- જે કોઇ શાળામાં ધો - ૧૦ કે ધો - ૧૨ નાં જાતિ દાખલો મેળવવાપાત્ર એકપણ રેગ્યુલર કે એકસર્ટનલ અનુસુચિત જાતિનાં વિદ્યાર્થીઓ ન હોય, તો પણ તે શાળાઓએ આ બાબતે **"નીલ"** પ્રમાણપત્ર અત્રેની કચેરીમાં રજુ કરવાનું રહેશે.

અત્રેથી આપનાં મારફત આપવામાં આવતા પ્રમાણપત્રો બોનાફાઇડ આધારે આપવામાં આવે છે, જેથી વિદ્યાર્થીઓનાં શાળા છોડયાનાં પ્રમાણપત્રની પાછળ નીચે દશાવેલ નોંધ કરી, આચાર્યશ્રીએ સહી / સિકકો કરવાનો રહેશે, તથા ધો. ૧૦ નાં રીઝલ્ટ બાદ દિન - ૧૫ ની અંદર તમામ વિદ્યાર્થીઓનાં શાળા છોડયાનાં પ્રમાણપત્રની આગળ તથા પાછળની પ્રમાણિત ઝેરોક્ષ નકલો યાદિ સાથે લેખીત પત્ર મારફત બીનચૂક મોકલી આપવાની રહેશે.

શાળા મારફત જાતિ દાખલાનું સદરહુ અભિયાન સરકારશ્રીની ઉકત દર્શાવેલ સુચના મુજબ છે, અને કલેકટરશ્રી દ્વારા આ બાબતે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી સહિત અમારો નિયમીત રીવ્યુ લેવામાં આવતો હોય જાતિ દાખલાની દરખાસ્ત કરતા સમયે ઉપરોકત તમામ સુચનાઓનું પાલન કરવું, તથા આ સુચનાઓ ઉપરાંત દરખાસ્ત કરવા બાબતે કોઇ પણ પ્રકારનો પ્રશ્ન હોય તો, અત્રેની કચેરીનો સંપર્ક સાધવો.

**આ પરિપત્રમાં અરજદારે રજુ કરવાનાં પુરાવાઓ સરકારશ્રીનાં પ્રવર્તમાન ઠરાવ આધારીત છે, અરજીનાં નિકાલ જે-તે સમયનાં ઠરાવ આધારીત કરવામાં આવશે.**

સરકારશ્રીનાં અભિગમને સફળ બનાવવા ઉપરોકત વિગતો પ્રત્યે સવિશેષ ધ્યાન આપી દરખાસ્ત રજુ કરવા વિનંતી.

**નાયબ નિયામક**
**અનુસૂચિત જાતિ કલ્યાણ**
**વડોદરા**

**નકલ સવિનય રવાના :**

૧. મે. નિયામકશ્રી, અનુ.જાતિ કલ્યાણ, ગુ.રા., ગાંધીનગર.
૨. મે. કલેકટરશ્રી, વડોદરા.
3. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, વડોદરા.

# નીચે આપેલ ચેક લીસ્ટ કાપીને ફાઈલ ઉપર ચોંટાડવાનું છે.

## ચેક લીસ્ટ

| અ.નં. | વિગત | શાળાનાં આચાર્યશ્રીએ ભરવાની વિગત | જિપવક કચેરીમાં ફાઈલ સ્વીકારનાર કર્મચારીએ ભરવાની વિગત |
|---|---|---|---|
| ૧ | **શાળાનું નામ :**<br>**સરનામુ :** | | |
| ૨ | **શાળા સંકુલનું નામ :** | | |
| ૩ | રજુ કરેલ કુલ ફોર્મની સંખ્યા ધોરણ - ૯ | | |
| ૪ | રજુ કરેલ કુલ ફોર્મની સંખ્યા ધોરણ - ૧૦ | | |
| ૫ | રજુ કરેલ કુલ ફોર્મની સંખ્યા ધોરણ - ૧૨ | | |
| ૬ | પત્રક _ ૧ તથા પત્રક _ ૨ સામેલ રાખેલ છે ? | | |
| ૭ | વિદ્યાર્થીનો એક ફોટો આચાર્યશ્રીએ સહી સિકકો કરી પ્રમાણિત કરેલ છે? | | |
| ૮ | પ્રમાણિત કરેલ ફોટાને ગુદર વડે ફોર્મ ઉપર ચોંટાડેલ છે? | | |
| ૯ | બોનાફાઇડ સર્ટીફીકેટની નકલ રાખેલ છે? | | |
| ૧૦ | બોનાફાઇડ સર્ટીફીકેટમાં નંબર, તારીખ આપેલ છે? | | |
| ૧૧ | બોનાફાઇડ સર્ટીફીકેટમાં શાળાનો રાઉન્ડ સીલ લગાવેલ છે? | | |
| ૧૨ | રજુ કરેલ આધાર પુરાવાઓનાં કાગળ સારી હાલતમાં છે? | | |
| | | | |
| | | | |
| | | | |
| | | **આચાર્યશ્રીના સહી સિકકા સહી** | **ફાઇલ સ્વીકારનાર કર્મચારીની સહી** |

# <u>બોનાફાઇડ સર્ટીફીકેટનો નમુનો</u>

## <u>બોનાફાઇડ સર્ટીફીકેટ</u>

**પ્રમાણપત્ર / જાવક નંબર :**
**તારીખ :**

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી /કુ ....................................................................
સદર શાળામાં શૈક્ષણીક વર્ષ : ૨૦૨૦-૨૧ દરમ્યાન ધોરણ ..................... માં અભ્યાસ કરે છે, શાળાનાં જનરલ રજીસ્ટર મુજબ તેની અન્ય વિગત નીચે મુજબ છે.

૧. જનરલ રજીસ્ટર નંબર :

૨. પિતાનું પુરૂ નામ :

૩. જાતિ (પેટા જાતિ સહિત) :

૪. જન્મ તારીખ :

૫. જન્મ સ્થળ :

૬. શાળામાં દાખલ તારીખ :

૭. સદર શાળા અગાઉની શાળાનું નામ :

શાળાનો
રાઉન્ડ સીલ

આચાર્યશ્રીનાં સહી / સીકકા

सत्यमेव जयते

## નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, વડોદરા

# અનસુચિત જાતિનું પ્રમાણપત્ર મેળવવા માટેની અરજી

(વિના મુલ્યે)

અરજી પત્રક :
તારીખ :

મોબાઈલ/ફોન નંબર :

| | |
|---|---|
| તાજેતરનો પાસપોર્ટ સાઇઝનો ફોટો<br>શાળા મારફત દરખાસ્ત હોય તો આચાર્યશ્રીનાં સહી સિક્કા સાથેનો ફોટો<br>(ફોટો ગુંદર વડે ચોંટાડવો) | તાજેતરનો પાસપોર્ટ સાઇઝનો ફોટો<br>(બંને ફોટા એક જ સરખા હોવા જોઇશે)<br>(ફોટાને ટાંકણી મારવી) |

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | **અરજદારનું પુરૂ નામ**<br>(શાળા છોડયાનાં પ્રમાણપત્રમાં દર્શાવ્યા પ્રમાણે) | (અટક) | (નામ) | (પિતાનું નામ) |
| | | | | |
| | | | | |
| | **હાલનું સરનામુ** | મુ | પો. | તા. |
| | | જી. | ટેલીફોન નં. | મોબાઈલ નં. |
| ૨ | **અરજદારનાં પિતા / વાલીનું પુરૂ નામ** | (અટક) | (નામ) | (પિતાનું નામ) |
| | | | | |
| | | | | |
| | **હાલનું સરનામુ** | મુ | પો. | તા. |
| | | જી. | ટેલીફોન નં. | મોબાઈલ નં. |
| ૩ | **પિતાનું મૂળ વતન** | | | |
| | | | | |
| | | મુ | પો. | તા. |
| | | જી. | રાજય | |

| | | | | |
|---|---|---|---|---|
| ૪ | **અરજદારની જાતિ/પેટાજાતિ** | જાતિઃ | પેટાજાતિઃ | ધર્મઃ |
| ૫ | **ગુજરાતમાં વસવાટની વિગતો** (ક્યારથી વસવાટ કરો છો તેની વિગત) | | | |
| ૬ | **આ અગાઉ કોઇ સક્ષમ અધિકારી પાસે જાતિ પ્રમાણપત્ર મેળવવા અરજી કરેલ હતી?** | | | |
| ૭ | **જો હા તો તેમણે પ્રમાણપત્ર આપેલ છે?** | | | |
| ૮ | **અરજદારનાં પિતાનું નામ** | | | |
| | **અરજદારનાં પિતાની જાતિ/પેટાજાતિ** | જાતિઃ | પેટાજાતિઃ | ધર્મઃ |
| ૯ | **જાતિ પ્રમાણપત્ર મેળવવાનો હેતુ.** | | | |

**તારીખ :  /  /૨૦૨૦** **અરજદારની સહી :**

**સ્થળ : વડોદરા**

**અરજદારનું નામ :**

**પિતા / વાલીની સહી :**

**પિતા / વાલીનું નામ :**

---

## બાંહેધરી પત્ર

મારી ઉપર મુજબની તમામ વિગતો સાચી છે, તેની હું ખાત્રી આપુંછું, જે ધ્યાને લઇ મને અનુસુચિત જાતિ પ્રમાણપત્ર આપવા વિનંતી. અમોએ મેળવેલ જાતિ પ્રમાણપત્ર અધિકૃત અધિકારી દ્વારા કોઇ પણ સમયે ચકાસણી કરવામાં આવે અને ખોટું સાબિત થાય તો મારો પ્રવેશ / નિમણૂંક કોઇ પણ જાતની જાણ કર્યા સિવાય અથવા નોટીસ આપ્યા સિવાય રદ્દ થવા પાત્ર છે; અને ભારતીય ફોજદારી ધારા હેઠળ ખોટું પ્રમાણપત્ર / વિગતો રજુ કરવા બાબતે જે કાર્યવાહી હાથ ધરવામાં આવે તે મને બંધનકર્તા રહેશે.

**તારીખ :  /  /૨૦૨૦** **અરજદારની સહી :**

**સ્થળ : વડોદરા**

**અરજદારનું નામ :**

**પિતા / વાલીની સહી :**

**પિતા / માતા / વાલીનું નામ :**

## : જાતિ પ્રમાણપત્ર મેળવવા રજુ કરાવાનાં થતા પુરાવા :

૧. અરજદારનું શાળા છોડયાનું પ્રમાણપત્ર. **(અસલ તથા પ્રમાણીત નકલ)** .
**(શાળા મારફત અરજી કરાયેલ હોય તેવા કિસ્સામાં અસલ બોનાફાઇડ સર્ટીફીકેટ)**

૨. પિતાનું શાળા છોડયાનું પ્રમાણપત્ર. **(અસલ તથા પ્રમાણીત નકલ)**

૩. જો પિતા અભણ હોય તો કાકા / ફોઇ / દાદાનું શાળા છોડયાનું પ્રમાણપત્ર (અસલ તથા પ્રમાણીત નકલ) તથા પેઢીનામુ **(તલાટી / મામલતદાર)**

૪. અન્ય રાજયમાંથી સ્થળાંતર કરીને આવેલ કુંટુબનાં અરજદારનાં કેસમાં **તા. ૧૦/૮/૧૯૫૦** કે **તા. ૧/૫/૧૯૬૦** પહેલાંથી ગુજરાત રાજયમાં કાયમી વસવાટ કર્યો હોવા અંગેનાં સરકારી રેકોર્ડ આધારીત પુરાવાઓ રજુ કરવાનાં રહેશે.

૫. રેશનકાર્ડ તથા આધાર કાર્ડ

૬. ફોટો આઇડેન્ટીટી પ્રુફ (આધારકાર્ડ / ચુંટણી ઓળખ કાર્ડ / ડ્રાઇવીંગ લાઇસન્સ / ફોટાવાળી બેન્ક પાસબુક વગેરે.

૭. વિવાદાસ્પદ / શંકાસ્પદ અથવા તો એવા કેસ કે જેમાં વધુ સ્પષ્ટતાની જરૂરીયાત હોય ત્યારે અધિકારીશ્રી માંગે તેવા અન્ય પુરાવાઓ.

**ખાસ નોંધ : અરજદારનાં ફોટા સાથેનું જાતિ પ્રમાણપત્ર આપવાનું હોય અરજદારે સ્વયં કચેરીમાં આવવાનું રહેશે.**

## ફકત કચેરીનાં ઉપયોગ માટે

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | પ્રમાણપત્રનાં અરજદારનું પુરૂ નામ | : | | |
| ૨ | જાતિ / પેટા જાતિ | : | | |
| ૩ | પ્રમાણપત્ર આપેલ હોય તો નંબર/તારીખ | : | | |
| ૪ | પ્રમાણપત્ર ન આપેલ હોય તો .......... ટૂંકમાં કારણ તથા | : | | |
| | જવાબનાં પત્ર નંબર / તારીખ | : | | |

તૈયાર કરનાર કર્મચારીની સહી | સક્ષમ અધિકારીની સહી

તૈયાર કરનાર કર્મચારીનું નામ | સક્ષમ અધિકારીનું નામ

તૈયાર કરનાર કર્મચારીનો હોદ્દો | સક્ષમ અધિકારીનો હોદ્દો

**નાયબ નિયામક**
**અનુસૂચિત જાતિ કલ્યાણ**
**વડોદરા**

# પત્રક - ૧

## વર્ષ : ૨૦૨૦-૨૧ દરમ્યાન ધોરણ - ૧૦ માં અભ્યાસ કરતા તથા ધો - ૧૦ /૧૨ ની એક્સ સ્ટુડન્ટ તરીકે પરિક્ષા આપનાર વિદ્યાર્થીઓના જાતિ દાખલા માટે દરખાસ્ત પત્રક

| | | | | | |
|---|---|---|---|---|---|
| શાળાનું નામ | : | | શાળાનું સરનામુ | : | |
| શાળા ક્રમાંક | : | | શાળાનો ફોન નંબર | : | |
| આચાર્યશ્રીનું નામ | : | | આચાર્યશ્રીનો મોબાઈલ નંબર | : | |

| અ.નં. | વિદ્યાર્થીનું નામ | સરનામુ | પિતા / વાલીનો કોન્ટેકટ નંબર | ધોરણ / વર્ગ | જનરલ રજીસ્ટર નંબર | જનરલ રજીસ્ટરમાં દર્શાવેલ પેટા જાતિ | વડવાઓનું મૂળ વતન | ધર્મ | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |

**પ્રમાણપત્ર :**

- આથી પ્રમાણિત કરવામાં આવે છે કે, ઉપર મુજબની વિગતો શાળાનાં રેકોર્ડ પરથી ખાત્રી કરીને તૈયાર કરવામાં આવેલ છે, જે સાચી અને ખરી છે.
- પત્રક - ૧ તથા સદરહુ પત્રક - ૨ સિવાય અમારી શાળામાં વર્ષ : ૨૦૨૦-૨૧ દરમ્યાન ધોરણ - ૯, ૧૦ માં અભ્યાસ કરતા તથા ધો - ૧૦ /૧૨ ની એક્સ સ્ટુડન્ટ તરીકે પરિક્ષા આપનાર અનુસુચિત જાતિનાંનાં કોઇ વિદ્યાર્થી નથી.

**તારીખ :** **તૈયાર કરનારનું નામ /હોદ્દો / સહી** **આચાર્યશ્રીનું નામ /હોદ્દો / સહી**

## પત્રક - ૨

## વર્ષ : ૨૦૨૦-૨૧ દરમ્યાન ધોરણ - ૧૦ માં અભ્યાસ કરતા તથા ધો - ૧૦ /૧૨ ની એકસ સ્ટુડન્ટ તરીકે પરિક્ષા આપનાર પરંતુ જાતિ દાખલા માટે દરખાસ્ત કરેલ ન હોય તેવા વિદ્યાર્થીઓની વિગત દર્શાવતુ પત્રક

| | | | | | |
|---|---|---|---|---|---|
| શાળાનું નામ | : | | શાળાનું સરનામુ | : | |
| શાળા ક્રમાંક | : | | શાળાનો ફોન નંબર | : | |
| આચાર્યશ્રીનું નામ | : | | આચાર્યશ્રીનો મોબાઈલ નંબર | : | |

| અ.નં. | વિદ્યાર્થીનું નામ | સરનામુપિતા / વાલીનો કોન્ટેકટ નંબર | ધોરણ / વર્ગ | જનરલ રજીસ્ટર નંબર | જનરલ રજીસ્ટરમાં દર્શાવેલ પેટા જાતિ | વડવાઓનું મૂળ વતન | ધર્મ | દરખાસ્ત ન કરવાનું કારણ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |

**પ્રમાણપત્ર :**

- આથી પ્રમાણિત કરવામાં આવે છે કે, ઉપર મુજબની વિગતો શાળાનાં રેકોર્ડ પરથી ખાત્રી કરીને તૈયાર કરવામાં આવેલ છે, જે સાચી અને ખરી છે.
- પત્રક - ૧ તથા સદરહુ પત્રક - ૨ સિવાય અમારી શાળામાં વર્ષ : ૨૦૨૦-૨૧ દરમ્યાન ધોરણ - ૧૦ માં અભ્યાસ કરતા તથા ધો - ૧૦ /૧૨ ની એકસ સ્ટુડન્ટ તરીકે પરિક્ષા આપનાર અનુસુચિત જાતિનાંનાં કોઇ વિદ્યાર્થી નથી.

**તારીખ :** **તૈયાર કરનારનું નામ /હોદ્દો / સહી** **આચાર્યશ્રીનું નામ /હોદ્દો / સહી**